પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૩૦૬, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૧-૦૮-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 306 PRICE :-RS. 1.50 DATE : 21-08-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## કાબુલના ગુરુદ્વારા તાલિબાની નેતા દ્વારા હિન્દુઓ અને શીખોને મદદની ખાત્રી આપી



અફઘાનિસ્તાન,

અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા વચ્ચે કાબુલના ગુરુદ્વારાનો એક વીડિયો સામે આવ્યો છે. આ વીડિયો દિલ્હી શીખ ગુરુદ્વારા મેનેજમેન્ટ કમિટીના પ્રમુખ મનજિંદર સિંહ સિરસાએ શેર કર્યો છે. તેમાં જોવા મળે છે કે તાલિબાન નેતાઓ કાબુલના ગુરુદ્વારા સાહિબ પહોંચ્યા છે. આ વીડિયો બાબતે મનજિંદર સિંહ સિરસા કહે છે કે તાલિબાનોએ કાબુલના ગુરુદ્વારામાં આશરો લીધેલા હિન્દુઓ અને શીખોને મળીને તેમને સુરક્ષાની ખાતરી આપી છે. સિરસાનું એવું પણ કહેવું છે કે અફઘાનિસ્તાનમાં જે ભારતીય પરિવાર ફસાયા છે તે બાબતે વડાપ્રધાન કાર્યાલય સાથે વાત કરી છે. ત્યાંથી જાણવા મળ્યું છે કે અફઘાનિસ્તાનમાં ફસાયેલા લોકો માટે શરૂ કરવામાં આવેલી નવી યોજના હેઠળ તમામ વિઝા મંજૂર કરવામાં આવ્યા છે. સિરસાનું કહેવું છે કે તેમણે કાબુલમાં ગુરુદ્વારા સમિતિના પ્રમુખ ગુરનામ સિંહ સાથે પણ વાત કરી છે. તેમણે કહ્યું હતું કે વિદેશ મંત્રાલયના લોકો તેમના સંપર્કમાં છે અને દરેકના વિઝા પણ મંજૂર કરવામાં આવ્યા છે. હવે કાબુલ છોડવાની રાહ જોવાઈ રહી છે. આ દરમિયાન આજે ૬ લોકોને ગુરુદ્વારાથી એરપોર્ટ પર પણ લઈ જવામાં આવી રહ્યા છે. તાલિબાન શાસન વચ્ચે અફઘાનિસ્તાનના કાર્યકારી રાષ્ટ્રપતિ અમરુલ્લાહ સાલેહે પણ તાલિબાન અને પાકિસ્તાન પર નિશાન સાધ્યું છે. તેમણે સોશિયલ મીડિયા દ્વારા કહ્યું હતું- 'તમામ દેશોએ કાનૂની ધોરણોનું સન્માન કરવું જોઈએ, હિંસાનું નહીં, અફઘાનિસ્તાન એટલું મોટું છે કે પાકિસ્તાન એને ગળી શકે તેમ નથી કે તાલિબાન તેના પર શાસન કરી શકે તેમ નથી. અમાનવીયતા અને આતંકવાદીઓ સામે શરણે થવાના પ્રકરણને તમારા ઈતિહાસમાં ઉમેરવા ન દો. સાલેહે એમ પણ કહ્યું હતું કે તેઓ રાષ્ટ્રધ્વજ ફરકાવનારા અને દેશના સન્માન માટે આગળ આવનારાઓને સલામ કરે છે. સાલેહનું આ નિવેદન જલાલાબાદની ઘટના બાદ આવ્યું છે, કારણ કે ગુરુવારે જલાલાબાદ સહિત કેટલાક વિસ્તારોમાંથી અફઘાન ધ્વજ લહેરાવતી તસવીરો સામે આવી હતી. અફઘાનિસ્તાન પર કબજો કર્યા પછી તાલિબાન ભલે દાવો કરી રહ્યા છે કે આ વખતે તેમનું શાસન પહેલાં જેવું રહેશે નહીં, પરંતુ વાસ્તવિકતા સામે આવી રહી છે. ત્રણ દિવસ પહેલાં કાબુલ કબજે કર્યા બાદ તાલિબાને કહ્યું હતું કે જેઓ અફઘાનિસ્તાન છોડવા માગે છે તેમને રોકવામાં આવશે નહીં, પરંતુ હવે તેમણે કાબુલ એરપોર્ટને ઘેરી લીધું છે અને લોકોને એરપોર્ટ સુધી પહોંચતાં પહેલાં જ અટકાવવામાં આવી રહ્યા છે. માત્ર વિદેશીઓને બહાર જવાની મંજૂરી આપવામાં આવી રહી છે. અફઘાનિસ્તાનમાં સત્તા સંભાળી રહેલા તાલિબાનોએ પોતાનો ઈરાદો વ્યક્ત કર્યો છે. તાલિબાન નેતા વહીદુલ્લાહ હાશિમીએ કહ્યું હતું કે અફઘાનિસ્તાનમાં કોઈ લોકશાહી વ્યવસ્થા રહેશે નહીં, કારણ કે અહીં એનું કોઈ અસ્તિત્વ જ નથી. હાશિમીએ સમાચાર એજન્સી રોઈટર્સને કહ્યું હતું કે તાલિબાને એ જતાવવાની કોઈ જરૂર નથી કે અફઘાનિસ્તાનની સરકાર કેવી હશે, કારણ કે એ એકદમ સ્પષ્ટ છે કે અહીં શરિયા કાયદો જ ચાલશે. અફઘાનિસ્તાન પર કબજો કર્યા પછી તાલિબાન દાવો કરી રહ્યું છે કે તે ક્રૂરતા બતાવશે નહીં, પરંતુ તેની વાસ્તવિકતા સામે આવી રહી છે. એમાં એવી તસવીરો સામે આવી રહી છે કે તાલિબાનના આતંકવાદીઓ અફઘાનિસ્તાન છોડવા કાબુલ એરપોર્ટ પહોંચેલા લોકો પર ચાબુક અને તીક્ષ્ણ હથિયારો વડે હુમલા કરી રહ્યા છે. હવે લોકોને એરપોર્ટની અંદર જવા દેવામાં આવતા નથી. સામાન્ય અફઘાની લોકો માત્ર એરપોર્ટ ગેટ સુધી પહોંચી શકે છે. દરમિયાન કાબુલ એરપોર્ટ પર ગુરુવારે રાત્રે ફરી ફાયરિંગ થયું. જોકે એવું કહેવામાં આવી રહ્યું છે અમેરિકન સૈનિકો દ્વારા ભીડને કાબૂમાં રાખવા ચેતવણી રૂપે ફાયરિંગ કરવામાં આવ્યું હતું. કાબુલ એરપોર્ટ પર અરાજકતાનું વાતાવરણ છે. અમેરિકા તેના લોકોને એરલિફ્ટ કરવામાં વ્યસ્ત છે. જ્યારે અફઘાનિસ્તાનથી હજારો લોકો પણ ત્યાંથી બહાર નીકળવા માટે કાબુલ એરપોર્ટ પહોંચી રહ્યા છે, પરંતુ તાલિબાન તેમને ગેટ પર જ રોકી રહ્યું છે. એવા અહેવાલો પણ છે કે કેટલીક મહિલાઓ પોતાનાં બાળકોને કાંટાળા તારની દીવાલ ઉપર એરપોર્ટની તરફ ઉતારી રહી છે, જેથી બીજી બાજુ અમેરિકન સૈનિકો તેમને લઈ શકે અને તેઓ એરપોર્ટની અંદર પહોંચી જાય. જ્યારે અમેરિકાનું કહેવું છે કે અફઘાનિસ્તાનમાંથી અત્યારસુધીમાં ૯ હજાર લોકોને સલામત બહાર કાઢવામાં આવ્યા છે. તાલિબાને અફઘાન સેનાના ૪ કમાન્ડરને કંદહારના એક સ્ટેડિયમમાં ભીડની સામે જાહેરમાં મોતને ઘાટ ઉતાર્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઘટના ૧૫ ઓગસ્ટના રોજ બની હતી. ૧૩ ઓગસ્ટના રોજ આ કમાન્ડરોએ તાલિબાન સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. તાલિબાન સમર્થકોએ કંદહારના શાહ વાલી કોટના પોલીસવડા પાચા ખાનની પણ હત્યા કરી છે. તાલિબાન સમર્થકોએ કહ્યું હતું કે પાચા ખાન એક ભયાનક કમાન્ડર હતો, જે તાલિબાન લડવૈયાઓના નખ પણ ઉખેડી નાખતો હતો. માફીની જાહેરાત કરતાં પહેલાં તાલિબાને તેની હત્યા કરી હતી.

## સામાન લેવા પરત આવ્યા તો તાલિબાનીઓએ ૯ લોકોની ક્રૂર હત્યા કરી

એમ્નેસ્ટીએ ગજનીના નાના ગામ મુંદારખ્તમાં એક ગ્રામીણનો ઈન્ટરવ્યુ કર્યો હતો, જે જાહેરમાં કરાયેલી હત્યાનો સાક્ષી છે. ૩ જુલાઈએ અફઘાની સેના અને તાલિબાનો વચ્ચે લોહિયાળ જંગ શરૂ થયો હતો. ડરને કારણે અમે લોકોએ અમારું ગામ છોડી દીધું અને ગરમીની સીઝનમાં જે અમારી ગોચર જગ્યાએ છે ત્યાં અમે જતા રહ્યા હતા. તે અમારું પારંપરિક ઠેકાણું છે. ત્યારે અસ્થાયી ઘર બનાવાયા છે. જ્યારે ગામથી અમે ૩૦ પરિવાર ભાગ્યા હતા ત્યારે અમારી પાસે પૂરતો ખાવા-પીવાનો સામાન નહોતો.આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સંસ્થા એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે અફઘાનિસ્તાનમાં અલ્પસંખ્યક હઝારા સમાજના લોકો પર એક રિપોર્ટ પબ્લિશ કર્યો છે. એમાં સાક્ષીઓ તરફથી કહેવામાં આવ્યું છે કે તાલિબાનો હઝારા સમુદાય પર કેવી ક્રૂરતા કરી રહ્યા છે. ગજની, જ્યાં તાલિબાનોએ ગયા મહિને કબજો કરી લીધો હતો. એમ્નેસ્ટીનું કહેવું છે કે જુલાઈથી અત્યારસુધીમાં તાલિબાનોએ હઝારા સમુદાયના લોકોની હત્યા કરી છે, એમાં ૯ લોકોની હત્યા ખૂબ નાનો હિસ્સો છે. ૪૫ વર્ષના વાહેદ કરામાનને તાલિબાનોએ તેમના ઘરેથી ઉપાડી લીધો. તેના હાથ-પગ તોડી દેવામાં આવ્યા. તેના પગમાં ગોળી મારવામાં આવી અને તેના વાળ ખેંચી લેવામાં આવ્યા. તેના ખિસ્સામાંથી થોડા પૈસા મળ્યા તો તાલિબાનીઓએ તેના પર આરોપ લગાવ્યો કે તે અફઘાનિસ્તાનની સરકાર માટે કામ કરી રહ્યો છે. ત્યાર પછી તાલિબાનોએ તેનું ગળું તેના જ મફલરથી દબાવી દીધું. ગામના ૩ લોકોએ તેની દફનવિધિ કરી. તેમણે જણાવ્યું હતું કે તેના આખા શરીર પર ઈજાનાં નિશાન હતાં. ૪૦ વર્ષના અબ્દુલ હાકિમને તાલિબાનો તેના ઘરેથી ખેંચી લાગ્યા અને તેને ડંડા અને બંધૂકના નીચલા ભાગથી ખૂબ માર્યો હતો. તેના હાથ તોડી નાખવામાં આવ્યા. પગમાં અને છાતીમાં ૨-૨ ગોળીઓ મારવામાં આવી હતી. બાજુના એક ખાડામાં તેની લાશ ફેંકી દેવામાં આવી હતી. અમે બધાએ ભેગા થઈને ત્યાં જ તેની દફનવિધિ કરી દીધી. અમે તાલિબાનોને સવાલ કર્યો કે આવું કેમ કરી રહ્યા છો? તો તેમણે જવાબ આપ્યો કે જ્યારે યુદ્ધ થાય છે ત્યારે દરેક લોકો મરે છે. તમારી પાસે બંધૂક છે કે નહીં એનાથી કોઈ ફેર નથી પડતો. દરેકને મરવું જ પડે છે. ૨ દિવસ સુધી આવી હત્યાઓનો સિલસિલો ચાલતો રહ્યો. અન્ય ત્રણ લોકો- અલી જન ટાટા, જિયા ફકીર અને ગુલામ રસૂલ રેજાનની પણ હત્યા કરવામાં આવી. આ લોકો મુંદારખ્ત ગામથી નીકળીને બાજુના ગામમાં જવાનો પ્રયત્ન કરતા હતા. તાલિબાની ચેક પોસ્ટ પર તેમને રોકવામાં આવ્યા અને ત્યાં જ તેમની હત્યા કરી દેવામાં આવી. બે લોકોના પગ અને છાતીમાં ગોળી મારવામાં આવી. જિયા ફકીરની છાતી પર એટલી ગોળી મારવામાં આવી કે બે ટુકડામાં તેના મૃતદેહની દફનવિધિ કરવી પડી. ૩ અન્ય લોકોની તેમના ઘરમાં જ હત્યા કરવામાં આવી. ૭૫ વર્ષના સઈદ અમહદ તાલિબાનો સામે કરગરતા હતા કે તેઓ વૃદ્ધ છે અને તેથી તેમને છોડી દેવા જોઈએ. તેમને તેમના જાનવરોને ચારો આપવાનો છે. તેમ છતાં તાલિબાનોએ તેમને ૩ ગોળી મારી દીધી. ૨૮ વર્ષનો જિયા ડિપ્રેશનનો શિકાર થયો અને ભાગ્યે જ તેના ઘરની બહાર નીકળતો હતો. જ્યારે તાલિબાનોએ ગામ પર કબજો કર્યો તો તેણે ઘર છોડવાનો ઈનકાર કર્યો હતો. માએ બહુ સમજાવ્યો, તેથી તે ઘર છોડવા માટે રાજી થયો. તે એકલો જ બાજુના ગામમાં જતો હતો ત્યારે જ તાલિબાનોએ પકડીને તેની હત્યા કરી દીધી. માનસિક બીમારથી પીડિત ૪૫ વર્ષના કરીમ બખ્શને પણ માથામાં ગોળી મારીને હત્યા કરાઈ છે. તારીખ ૮ ઓગસ્ટ ૧૯૯૮માં તાલિબાનના લડાકુઓએ અફઘાનિસ્તાનમાં મજાર-એ-શરીફમાં દાખલ થતાં જ હોબાળો શરૂ કરી દીધો હતો. જે જ્યાં મળ્યું ત્યાં ગોળી મારી દીધી. ઘણા દિવસો સુઝી હઝારા સમુદાયના હજારો લોકોને પકડી પકડીને મારવામાં આવ્યા હતા. તાલિબાનોએ લાશો પણ દફન નહોતી કરવા દીધી. ત્યારે બલ્ખના તાલિબાન ગવર્નર મુલ્લા મન્નાન નિયાઝીએ એક ભાષણમાં કહ્યું હતું કે ઉઝ્બેક લોકો ઉઝ્બેકિસ્તાન જાય અને તાજિકિ તાજિકિસ્તાન જતા રહે અને હઝારા મુસ્લિમ બની જાય. અંતે, કોઈ જગ્યા ના મળે તો કબ્રસ્તાન જાય.હવે ૨૩ વર્ષ પછી એકવાર ફરી અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસન પરત આવ્યું છે. એને કારણે હજારો હઝારા લોકો ડરમાં જીવી રહ્યા છે. ઘણી જગ્યાએ તાલિબાનો તેમની દીકરીઓ સાથે જબરદસ્તી લગ્ન કરી રહ્યા છે. આ પ્રમાણેનો રિપોર્ટ સામે આવ્યો છે. જોકે હજી આ વિશે ચોક્કસ ખુલાસો થઈ શક્યો નથી. જોકે અમુક વિસ્તારોમાં હત્યાઓ પણ શરૂ થઈ છે.

## સ્વચ્છતાના સિટિઝન ફીડબેકમાં વડોદરા નાના શહેરોથી પણ પાછળ રહી ગયું

વડોદરા,

વાપીના નાગરિકોએ વડોદરા કરતાં બમણા ૧,૦૫,૪૧૧ અભિપ્રાયો આપ્યા હતા. ૨૩ લાખના શહેરમાં ૨ ટકા લોકોએ જ ફીડબેક આપ્યા છે. ગત સર્વેક્ષણમાં શહેરમાંથી ૧૧,૩૪૫ લોકોએ જ અભિપ્રાય આપ્યા હતા. બીજા અર્થમાં કહીએ તો ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ૪ ગણા વધુ ફીડબેક આવ્યા છે, છતાં તેની સરખામણીએ જે શહેરોની વસ્તી ઓછી છે તેના કરતાં પણ પાછળ છે. સ્વચ્છ ભારત રેંક્રિંગના અધિકારી અને પાલિકા ડેપ્યૂટી કમિશનર શૈલેશ નાયકે જણાવ્યું કે, 'આ વર્ષે વડોદરાનું રેંક્રિંગ સુધરે તેવી શક્યતા છે. કારણ કે બાયોરેમિડેશન પ્લાન્ટની અસરકારક કામગીરી રહી છે. આ ઉપરાંત ડાયરેક્ટ ઓબ્ઝર્વેશનમાં પણ દર વર્ષે ઊભી થતી કોઈ ક્વેરી આ વર્ષે થઈ નથી.હ્ર ગત વર્ષે સ્વચ્છ સર્વેક્ષણના રેંક્રિંગમાં ગુજરાતના ટોપ-૧૦માં વડોદરા સહિત ૪ શહેરો હતાં.આ વર્ષના સ્વચ્છ સર્વેક્ષણનાં પરિણામો જાહેર થાય તેવી શક્યતા છે. આ વર્ષે રેંક્રિંગમાં વડોદરા આગળ આવે તેવી ધારણા અધિકારીઓ રાખી રહ્યા છે. બીજી તરફ ૨૦૨૧ના સ્વચ્છ સર્વેક્ષણમાં સિટિઝન ફીડબેકમાં ગત વર્ષના ૧૫૦૦થી વધારી ૧૮૦૦ માર્ક્સ કરાયા છે ત્યારે વડોદરામાંથી આ વર્ષે માત્ર ૪૬,૨૯૯ લોકોએ ફીડબેક આપ્યો છે. જ્યારે વડોદરા કરતાં ઓછી વસ્તી ધરાવતા અંકલેશ્વરમાં ૭૫,૯૪૪ અને નવસારી ૭૪,૮૧૫ લોકોએ સ્વચ્છતા અંગેના ફીડબેક આપ્યાં છે. વડોદરાથી અન્ય નાનાં શહેરોમાં લોકોએ ફીડબેક વધુ આપ્યાં છે પણ સાથે વડોદરામાં સ્વચ્છતાના હેતુથી મૂકાયેલી પ્લાસ્ટિકની નાની ડોલ તમામ વિસ્તારમાંથી ગાયબ થઈ છે. જે ડાયરેક્ટ ઓબ્ઝર્વેશનમાં પીછેહઠ કરાવી શકે છે. શહેરમાં ૩૦% કચરાને જુદો પડાય રહ્યો છે.

(અનુ.પાના.નં.૩)

## નડિયાદમાં પોલીસે ગ્રાહક બની બાળક વેપારના નેટવર્કનો પર્દાફાશ કર્યો



નડિયાદ,

પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે શહેરના સંતરામ શાકમાર્કેટ નજીક મૂળ બહારની અને હાલ નડિયાદ સ્થાયી થયેલી માયાબેન લાલજીભાઈ દાબલા (રહે. ૧૦૪, કર્મવીર સોસાયટી, પીજ રોડ, નડિયાદ) ત્યાં આવવાનાં છે. આ મહિલા પરપ્રાંતીય ગરીબ ઘરની ગર્ભવતી મહિલાઓને નડિયાદ લાવી તેને મોટી રકમની લાલચ આપી ડિલિવરી કરાવે છે. એ બાદ તેના બાળકને ઊંચી કિંમતમાં એજન્ટો મારફત વેચાણ કરતી હોવાની માહિતી SOGને મળી હતી. ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદમાં માસૂમ બાળકના વેપારનો પર્દાફાશ થયો છે. પોલીસે બાળકને જન્મ આપનારી માતા અને તેમનો સોદો કરનારી ત્રણ મહિલા સહિત ચાર મહિલાની અટકાયત કરી છે. આ મહિલાની ટોળકી પરપ્રાંતમાંથી ગર્ભવતી ગરીબ મહિલાઓને અહીં લાવી બાળકનો જન્મ થાય એટલે નજીવી રકમ આપી તેને મેળવી લેતી અને બાદમાં ઊંચી કિંમતે વેચી નાખતી હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે.

બાતમીના આધારે ખેડા SOGએ મહિલા PSI આર.ડી.ચૌધરી અને અન્ય બે મહિલા કોન્સ્ટેબલની મદદ લીધી હતી. મહિલા PSI ડમી માતા બનીને આ રેકેટમાં સામેલ મહિલાનો સંપર્ક કર્યો હતો. આ દરમિયાન અહીં માયાબેનની સાથે અન્ય મોનિકાબેન મહેશ શાહ (રહે.કિશન સમોસાંનો ખાંચો, વાણિયાવડ, નડિયાદ) અને પુષ્પાબેન સંદીપ પટેલિયા (રહે. રામાદૂધાની ચાલી, મિલ રોડ, નડિયાદ) પણ હાજર હતી. આ પછી ડમી માતા બની ગયેલી મહિલા પીએસઆઈએ તેને એક બાળક જોઈએ છે એવી વાત કરતાં આ ત્રણેય મહિલાએ ઘુસપુસ કરી થોડીવાર ઊભા રહો, અમે બાળક આપીએ છીએ અને તેનો ભાવ ૬ લાખ રૂપિયા નક્કી કરાયો હતો.

બાળક ખરીદવા માટે તૈયારી બતાવતાં જ ત્રણ પૈકીની એક મહિલા બાળક લઈને આવી હતી, જેથી પોલીસે રંગેહાથે કોડન કરી આ ત્રણેય મહિલાની ધરપકડ કરી હતી. એ પછી પૂછપરછમાં આ બાળક નાગપુર ખાતે રહેતી મહિલા જે હાલ નડિયાદ કિડની હોસ્પિટલ સામે આવેલ કંમ્ફટ હોટલમાં રોકાઈ હોવાનું જણાવ્યું હતું, આથી પોલીસે આ ત્રણેય મહિલાને સાથે રાખી ઉપરોકત હોટલમાં જઈ રૂમ નં. ૨૦૩માંથી આ મહિલાની અટકાયત કરી છે, જેમાં તેનું નામ પૂછતાં તેણે પોતાનું નામ રાધિકાબેન રાહુલ ગેડામ (રહે. નાગપુર) હોવાનું કબૂલ્યું છે. બાળકની માતાની પૂછપરછ કરતાં તેને નાણાંની જરુરિયાત હોવાથી માયા, મોનિકા અને પુષ્પા સાથે સંપર્ક કર્યા બાદ દોઢ લાખ રૂપિયામાં તેનો સોદો કરાયો હતો. પોલીસે માયા, મોનિકા અને પુષ્પાની સાથે બાળકની માતાની પણ અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ ટોળકી પરપ્રાંતમાંથી ગરીબ મહિલાઓને અહીં લાવી ડિલિવરી કરાવતી હતી. ત્યાર બાદ તેને અમુક રકમ આપી બાળક મેળવી લેતી અને અહીં તેને મેળવવા ઈચ્છતા લોકો પાસેથી ઊંચી કિંમત લઈ તેનું વેચાણ કરી નાખતી. પોલીસની તપાસમાં આ મામલે વધુ ચોંકાવનારો ઘટસ્ફોટ થઈ શકે છે. પોલીસે ઉપરોક્ત ત્રણેય મહિલા સાથે પરપ્રાંતીય માવતરની અટકાયત કરી આઈપીસી ૩૭૦, ૧૪૪, ૧૨૦B, ૫૧૧ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી દીધી છે. જોકે પોલીસ આ કેસમાં ઊંડી ઊતરી તપાસ આદરી તો હજુ પણ કેટલાક લોકોનાં નામ ખૂલે એમ છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી આદિવાસી વિકાસ સ. ગ્રા. ભં. લી.
મુ. બીલવાણી, તા. મોરવા(હ), જી.પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.


- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી મોરવા(હ) અ.સે.સ.મં.લી.
મુ. મોરવા(હ)-બામણફળીયું, તા. મોરવા(હ), જી.પંચમહાલ



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# આદિવાસી આર્ટસ કોલેજ સંતરામપુર તથા બદલાવ સંસ્થાન ઉદયપુર દ્વારા નેશનલ વેબીનારનું ભવ્ય આયોજન




સંતરામપુર, આદિવાસી આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંતરામપુર તથા બદલાવ સંસ્થાન ઉદયપુરના સંયુક્ત ઉપક્રમે "ન્યુ ટ્રેન્ડસ ઇન રિસર્ચ મેથોડોલોજી" વિષય પર તા.૨૦ ઓગસ્ટ,૨૦૨૧ના રોજ નેશનલ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વેબીનારના મુખ્ય મહેમાન તરીકે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ મુખ્ય ઉદ્દઘાટક તરીકે ઉપસ્થિત રહી વૈશ્વિક ક્ષેત્રે ભારતનું સંશોધનમાં પ્રદાન નોંધનીય નથી. તેની પાછળ જવાબદાર કારણો તથા સૂચનો અંગે મનનીય સંબોધન કર્યું હતું. કાર્યક્રમના ઉદ્દઘાટક ગુજરાત આદિવાસી વિકાસ પરિષદના પ્રમુખ વનરાજભાઈ ડામોર દ્વારા વેબીનારના આયોજન માટે અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી. કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ. યતીન્દ્રસિંહ સિસોદિયા દ્વારા બીજરૂપ વક્તવ્ય આપવામાં આવ્યું હતું. જેમાં તેમણે નવા સંશોધકોને આંતરવિષયક અભિગમથી કોઈપણ ઘટનાને તપાસવાનો પ્રયાસ કરી નવા સંશોધનક્ષત્રોમાં ખેડાણ કરવા પર ભાર મુક્યો હતો.કાર્યક્રમના બીજા વકતા માનનીય ડૉ. એ.કે.વર્મા દ્વારા સંશોધન અહેવાલ તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો વિશે વિસ્તૃત છણાવટ કરી હતી.જેમાં તેઓએ વસ્તુલક્ષીતા જાળવવા તથા પ્લેગરિઝમ રહિત સંશોધકો મૌલિક સંશોધન અહેવાલ લખી શકે તે માટે જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.વેબિનારના ચેરમેન ડૉ.રમેશ મકવાણા દ્વારા સંશોધનની વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ વિશે વિસ્તૃતમાં જાણકારી આપવામાં આવી તથા આ વિષયવસ્તુ વિશ્લેષણ દ્વારા કયા કયા વિષયો પર ખેડાણ થઈ શકે આ બાબતોથી સંશોધકોને માહિતગાર કર્યા હતા. બદલાવ સંસ્થાના પ્રમુખ ડૉ. શ્રીરામ આર્ય દ્વારા સંશોધનના મહત્વ તથા ક્ષેત્રકાર્ય વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

વેબીનારના કન્વીનર ડૉ.કામિની દશોરા દ્વારા ઉપસ્થિત મહેમાનોનું તેમજ પ્રતિભાગીઓનું સ્વાગત કરી વેબિનારના વિષય સંદર્ભે થનારી ચર્ચાઓના મુદ્દા વિશે જાણકારી આપવામાં આવી હતી. કોલેજના આચાર્ય ડૉ.અભય પરમાર દ્વારા કોલેજનો પરિચય આપી પ્રાસંગિક ઉદ્બોધન કરવામાં આવ્યું.સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ.શીતલ હીરાસકર દ્વારા કરવામાં આવ્યું.અંતમાં સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા.પારૂલબેન દાની દ્વારા વેબીનારની આભારવિધિ કરવામાં આવી હતી.આ નેશનલ વેબીનારમાં સમગ્ર ભારતમાંથી ૫૦૦ કરતાં પણ વધુ સંશોધકો,અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા તથા પ્રતિભાવ આપ્યા હતા.

# કડાણા ડેમમાં ૩૯ ટકા પાણી બચતા સિંચાઈ માટે પાણી આપવાનું બંધ

લુણાવાડા, કડાણા ડેમમાં માત્ર ૩૯ જ ટકા પાણી બચ્યુ છે. આગામી દિવસોમાં વરસાદ નહિ પડે તો ૧ દિવસ બાદ સિંચાઈ માટે પાણી આપવાનુ બંધ કરવામાં આવશે. ડેમમાં ૩૩ ટકા પાણી આવશે ત્યારે બંધ કરાશે તેમ નાયબ કાર્યપાલક ઈજનેરે જાહેર કર્યુ છે.

કડાણા ડેમમાંથી ૧૩ જિલ્લાને પીવાનુ તેમજ સિંચાઈ માટે કેનાલ મારફતે પાણી આપવામાં આવી રહ્યુ છે. ગુજરાતમાં ત્રીજા નંબરનુ સ્થાન ધરાવનાર ૧૩ જિલ્લાને પાણી તેમજ સિંચાઈ માટે પાણી પુરૂ પાડતા મહિસાગર જિલ્લાને કડાણા ડેમમાં માત્ર ૩૯ ટકા પાણીનો સંગ્રહ થયો છે. નહિવત વરસાદના કારણે કડાણા ડેમની સપાટીમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે.

મહિસાગર જિલ્લાની કડાણામાં ઉપરવાસમાં તેમજ જિલ્લામાં નહિવત વરસાદના કારણે ડેમમાં ૩૯ ટકા જ પાણીનો જથ્થો બચ્યો છે. તેમજ આગામી દિવસોમાં વરસાદ નહિ પડે તો જળસંકટ તોળાય એવા એંધાણ છે. ઓછા વરસાદના કારણે ખેડુતોનો પાક સુકાઈ રહ્યો ત્યારે કેનાલમાં સિંચાઈ માટે પાણી છોડવાની માંગણીને લઈ સરકારે મહિસાગર-આણંદ અને ખેડા જિલ્લાને કેનાલ માફરતે ૫ હજાર કયુસેક પાણી સિંચાઈ માટે આપવાનુ શરૂ કર્યુ છે. હાલ ડેમ સિંચાઈ માટે ૧૦ દિવસ પાણી અપાય તેટલો જથ્થો બચ્યો છે ત્યારે આગામી દિવસોમાં વરસાદ નહિ પડે તો આવનાર ૧૦ દિવસ બાદ સિંચાઈ માટે પાણી આપવાનુ બંધ કરવામાં આવશે ત્યારે ૧૩ જિલ્લાને કેનાલ મારફતે સિંચાઈ માટે પાણી આપવાનુ બંધ કરવા થશે તો ખેડુતોને માથે મોટુ સંકટ તોળાય તેવા એંધાય વર્તાઈ રહ્યા છે.

## પંચમહાલના વેજલપુર ઘુસર રોડ પર રેતી ખેંચતા હાઈવાથી સ્થાનિક લોકો પરેશાન


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ, કાલોલ તાલુકાનાં વેજલપુર નજીકનાં ઘુસર નજીકથી ગોમાં નદી પસાર થાય છે. આ ગોમાં નદી માંથી બેફામ રીતે ગેરકાયદેસર રેતીનું ખનન થતું હોય છે. આ ગોમાં નદીમાં જિલ્લા કલેક્ટર સહીત જિલ્લા પોલીસ વડા અને ગોધરા ખાનખનીજ વિભાગનાં ભુમાફિયા પર નાં દરોડા પછી પણ ખનીજ માફિયાઓની રેતી ચોરવાની નીતિ રાબેતા મુજબ ચાલુ રહેતી હોય છે. જે નજીક નાં સ્થાનિક લોકોના માથાના દુખાવા સમાન બની જતાં હોય છે.

વેજલપુર ઘુસર રોડ પર ગ્રામ પંચાયતનાં પ્રતાપે ખદબદતી ગંદકીથી ખીલી ઉઠેલા રોડથી વેજલપુર નાં સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઉઠાયા છે. તંદુપરાંત ઘુસર પાસેથી પસાર થતી ગોમાં નદી માંથી ગેરકાયદેસર રેતી ખનન હાઈવા જેવાં ભારે વાહનો સામસામે આવી જતાં ટૂંકા રસ્તાઓ પરથી નીકળવું પણ મુશ્કેલ બની જતું હોય છે. જેના કારણે સ્થાનિક લોકોને અનેક મુશ્કેલી સર્જાતી હોય છે. જોકે વેજલપુર ગ્રામપંચાયત નાં આશીર્વાદથી વિજલપુરથી ઘુસર તરફ જતો રસ્તો ખખડધજ અને ગંદકીથી ખીલી ઉઠતાં ચોમાસાની સીઝનમાં રોગ ચાડો ફાટી નીકળવાની સંભાવતા જોવા મળી રહે છે. ગંદકી નાં ઉભદ્રવ થી સ્થાનિક લોકોમાં ભયનો માહોલ જોવા મળી રાહ્યો છે. જો તંત્ર દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવે તેવી લોક માંગ ઉપસ્થિત થઈ છે.

## મહીસાગર ના લુણાવાડામાં રખડતાં ઢોરના ત્રાસ થી ટ્રાફિક જામના દ્રશ્યો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, લુણાવાડા શહેરમાં રખડતાં ઢોરનો ત્રાસ વધતો જ જાય છે. નગરપાલિકામાં વખતોવખત પ્રજાજનો જાણ કરવા છતાં કોઈ પરિણામ જોવા મળી રહ્યું નથી. લુણાવાડામા પાંજરાપોળ હોવા છતાં આ રખડતાં ઢોર જાણે RTOના કર્મચારીઓ નહોય? તે વા દ્રશ્યો ઉભા થઇ રહ્યા છે. લુણાવાડા બારોટ વાડા થી દર કોલી તળાવ સુધીનો વિસ્તારમાં જ વધારે ત્રાસ સર્જાઈ રહ્યો તેમ જોવાઈ છે. નગરપાલિકા કોઈ માણસો રોકી આવાં રખડતાં ઢોર ને અથવા ઢોરના મૂળ માંલિકને જાણ કરે તો કેવું?

## કડાણાના લાડપુર ગામે બસ અને બાઈક અકસ્માતમાં એક બાળકનું મોત

લુણાવાડા, મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના લાડપુર ગામે એક બસ અને બાઈક વચ્ચે અકસ્માત થતાં ત્રણવ્યકિતઓને ઈજાઓ પહોંચી હતી જયારે એક બાળક બસના ટાયર નીચે આવી જતાં મોત નીપજયું હતુ.

લાડપુર ગામે માણસા પાટવેલ બસના ચાલકે ગફલતભરી રીતે બસ ચલાવતા લાડપુર પાસે એક બાઈક ચાલકને અડફેટે લેતા અકસ્માતમાં સર્જાતા ત્રણ પૈકી બે ને ઈજાઓ થવા પામી હતી જયારે એક બાળકનુ બસના ટાયર નીચે આવી જતા મોત નીપજયું હતુ. બાળકના મૃતદેહને કાઢવા માટે બસને ઉંચી કરવા માટે જેસીબીની મદદ લેવી પડી હતી. અકસ્માતનો ભોગ બનનાર (૧)કેતનભાઈ ધનાભાઈ ખાંટ (રહે.લાડપુર),(૨)કંકુબેન મનાભાઈ ખાંટ, (૩)ગૌરાંગ ઉર્ફે ગોપી મહેશભાઈ ખાંટ ને ઈજાઓ થવા પામી હતી. જયારે બે વર્ષના બાળક નેહલકુમાર કલ્પેશભાઈ ખાંટ બસના ટાયર નીચે આવી જતાં મોત નીપજયું હતુ. બનાવની જાણ થતાં કડાણા પોલીસ ઘટના સ્થળે પહોંચી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

# મહીસાગર નદીમાં વિસર્જિત દશામાંની પ્રતિમાઓની ભયંકર દૂરદશા


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

## ગણેશચતુર્થી વખતે માટીના ગણપતિની મૂર્તિ બનાવો કે લાવો જેથી આવી દુર્દશા ન થાય

ઉમંગમાં લોકો ભાન ભૂલી જાય છે પર્યાવરણની જાણવણી માટે આવો બનાવીએ માટીના ગણપતિ જેમાં ૧ ફૂટની મૂર્તિમાં ૩ થી ૪ કિલો માટીનો ઉપીયોગ થાય છે અને માટીના ગણપતિનું વિસર્જન કરવાથી મૂર્તિ માત્ર બે કલાકમાંજ ઓગાળી જાય છે અને પર્યાવરણને નુકસાન પોહચતું અટકી આટકી જાય છે જેથી આવી દુર્દશા ન થાય.

લુણાવાડા, શ્રવણના આરંભ સાથે મહીસાગર જિલ્લામાં ધાર્મિક તહેવારો શરૂ થઈ ગયા છે પરંતુ આપણે પર્યાવરણનું દયાન રાખતા નથી તહેવારોની ઉજવણીમાં પીઓપીની મૂર્તિનો ઉપીયોગ કરવામાં આવે છે બાદમાં વિસર્જિત વખતે મૂર્તિઓ પાણીમાં મિશ્રિત થતી નથી જેથી જળાશય કે નદી કિનારે મૂર્તિઓની અવદશા જોવા મળે છે. મહીસાગર જિલ્લામાં દશામાંના વ્રતની ઉજવણી કરવામાં આવી હતી ત્યારે દેખાદેખીમા માતાજીની ઉંચા કદની માટીની જગ્યાએ પીઓપીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી. ત્યાર બાદ મહીસાગર નદીમાં વિસર્જન કરાયેલી પીઓપીની આસરે ૫૦ થી પણ વધારે પ્રતિમાઓની ભયંકર દુર્દશા જોવા મળી હતી વીરપુર તથા લુણાવાડા તાલુકાની અનેક મહાકાય પ્રતિમાઓ લુણાવાડા તાલુકાના હાડોડ પાસે મહીસાગર નદીમાં અત્યંત ભયંકર હાલતમાં વિખરાયેલ જોવા મળી છે. મૂર્તિઓને ખંડિત જોય પુલ પરથી પસાર થતા પ્રબોદ્ધ નાગરિકો તથા માઈ ભકતોએ ભારે નારાજગી વ્યક્ત કરી હતી.

# શ્રી સ્વામિનારાયણ મંદિર SMVS સંતરામપુર ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ત્રણ દિવસની પારાયણ કથા અને રક્ષાબંધનનું આયોજન કરવામાં આવ્યું



ગોધરા, સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય સંકલ્પથી ગુરૂવર્ય પરમ પૂજ્ય સ્વામી (પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામી) એ ૨૦૨૧નું વર્ષ મુમુક્ષુ બનીએ વર્ષ તરીકે જાહેર કરેલ છે. આ જીવનની અનેક પ્રકારની ચિંતા તેમજ માયાની અગણિત મૂંઝવણોમાંથી મુકિત મેળવી આદયાત્મિક માર્ગે અને રાજીપાના માર્ગે આગળ વધી મોક્ષ પામવા અને ખરા અર્થમાં હળવા ફૂલ જેવા થઈ મુમુક્ષુ બનવા માટે સંતરામપુર ટાવર રોડ મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ત્રણ દિવસની પારાયણ કથાનું આયોજન કરવામાં આવેલ. ત્રણ દિવસની પારાયણ કથામાં તીર્થધામ શ્રી સ્વામીનારાયણ મંદિર ગોધરથી પૂજ્ય નિઃસ્વાદપ્રિય દાસજી સ્વામી, પૂજ્ય આનંદ પ્રિયદાસજી સ્વામી, પૂજ્ય નિષ્કામ પ્રિયદાસજી સ્વામી, પૂજ્ય સંયમ પ્રિયદાસજી સ્વામીએ પ્રથમ બે દિવસોમાં મહાત્મ્ય વિષય ઉપર વચનામૃતના આધારે બખૂબ ખૂબ લાભ આપી હરિભક્તોને સુખીયા કર્યા. પારાયણના ત્રીજા અને અંતિમ દિવસે સ્વામિનારાયણ ધામ ગાંધીનગરથી SMVS સંસ્થાના વડીલ સંત પૂ.નિર્ગુણજીવનદાસજી સ્વામીએ ચાર સ્વરૂપ (૧.જી મહારાજના સ્વરૂપનું માહાત્મ્ય, ૨. મોટાપુરૂષનું માહાત્મ્ય, ૩.સંતો ભકતોના સ્વરૂપનું માહાત્મ્ય અને ૪. સ્વ સ્વરૂપનું માહાત્મ્ય)ના મહત્વ વિશે લાભ આપતા જણાવ્યું કે, આપણને મળેલા મોટા પુરૂષ એટલે કે સત્પુરૂષ આપણાં ગુરૂજી કેવા દિવ્ય છે અને એમના વિશે કેવો દિવ્યભાવ રાખવો. મહારાજ અને મોટાપુરૂષની એકતા પર સદ્રષ્ટાંત જીવંત પ્રસંગો દ્વારા ખૂબ ખૂબ લાભ આપ્યો. ત્રણ દિવસની પારાયણ કથામાં ભાવિક હરિભક્તોએ સ્વામિનારાયણ ભગવાનની ઉપચાર વિધિમાં ફળ, સાકર, ફુટ, તથા ડ્રાયફૂટ અર્પણ કરી ધન્યતા અનુભવી. ભગવાન અને ભગવાનના સાચા સંબંધવાળા પવિત્ર સંતોના દિવ્ય હસ્તે રક્ષાસૂત્ર બાંધી પ્રસાદી આપવામાં આવી અને ઉપસ્થિત તમામ હરિભક્તોને સંતરામપુર મંદિર ખાતે થતી અઠવાડિક સત્સંગ સભામાં લાભ લેવા માટે અને તીર્થધામ ગોધર ખાતે થતા માસિક સમૈયામાં લાભ લેવા માટે સર્વે મુકતોને આજ્ઞા કરવામાં આવી.

# લુણાવાડા સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ



લુણાવાડા, શ્રી વિકાસ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સ્વામી વિવેકાનંદ હાઈસ્કુલ લુણાવાડામાં ભાઈ-બહેનના પવિત્ર પર્વ રક્ષાબંધનની ઉજવણી ખુબજ ઉત્સાહભેર કરવામાં આવી જેમાં મોટી સંખ્યામાં શાળાના ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ એ ભાગ લીધો. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના આચાર્ય પંકજ પટેલે ભારતીય સંસ્કૃતિમાં તહેવારોનું મહત્વ સમજાવ્યું અને પવિત્ર શ્રાવણ માસ માં આવતા તહેવારોની મહતી આપી અને ભાઈ-બહેનના પવિત્ર પર્વ રક્ષાબંધનનું મહત્વ સમજાવ્યું હતું. શાળામાં તાજેતરમાં જ નિમણૂક પામેલ નવનિયુક્ત ટીમે રક્ષબંધન પર્વ અનોખી રીતે ઉજવવાનું નક્કી કર્યું. વિદ્યાર્થીઓની સર્જન શક્તિનો વિકાસ થાય તે માટે વિદ્યાર્થીઓને ઘરે થી જ વેસ્ટ માંથી બેસ્ટ રાખડીઓ જાતે બનાવી રજુ કરવાનું નક્કી કર્યું. શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક આ સ્પર્ધામાં ભાગ લીધો. જેમાં ધોરણ-૧૦ નો વિદ્યાર્થી મેહુલ તથા ધોરણ-૧૨ની વિદ્યાર્થીની ઐશ્વર્યાએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું.દ્વિતીય સ્થાનમાં ધોરણ-૧૦ની વિદ્યાર્થીની જીનલ અને ધોરણ-૧૧નો વિદ્યાર્થી સાહિલે મેળવ્યું. તૃતીય સ્થાન ધોરણ-૧૨ની વિદ્યાર્થીની શ્રુતિ અને ધોરણ-૯ના વિદ્યાર્થી ભાર્ગવે મેળવ્યું હતું અને કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય એ રક્ષાબંધના પવિત્ર પર્વની સૌને શુભેચ્છાઓ પાઠવી હતી અને ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાની શિક્ષિકા ચેતનાબેન અને વૈભવ પ્રજાપતિએ કર્યું હતું.

# નવા પ્રોજેક્ટ આધ્યાત્મિક ટુરિઝમ ઈન્ડસ્ટ્રીને નવી ઉર્જા આપશે: મોદી



સોમનાથ, જય સોમનાથથી સંબોધન શરૂ કરનાર પીએમ મોદીએ કહ્યું કે, હુ વચર્યુઅલી જોડાયો છું, પણ મનથી હુ સ્વંયને સોમનાથના ચરણમાં અર્પણ કરુ છું. હુ ખુશ છું કે મને પુણ્ય કામની તક મળી છે. આજે આપણે આ પવિત્ર કામના સાક્ષી બન્યા છે. આજે મને સમુદ્ર દર્શન પથ, સોમનાથ પ્રદર્શન ગેલેરી અને જીર્ણોદ્ધાર બાદ નવા સ્વરૂપમાં જૂના સોમનાથ મંદિરના લોકાર્પમનું સૌભાગ્ય મળ્યુ છે. આટલુ પુનિત સહયોગ અને સાથે શ્રાવણનો પવિત્ર મહિનો... આ તમામ માટે ભગવાન સોમનાથના આર્શીવાદની સિદ્ધી છે. લોહપુરુષ સરદાર પટેલના ચરણમાં નમન કરું છું, જેમણે ભારતના પ્રાચીન ગૌરવને જીવંત કર્યું. તેમણે મંદિરને સ્વતંત્ર ભારતના સ્વતંત્ર ભારત સાથે જોડાયેલ માનતા હતા. આઝાદીના ૭૫ માં વર્ષે આપણે તેમના પ્રયાસોને આગળ વધારીએ છીએ. સોમનાથને નવી ભવ્યતા આપી છે. લોકમાતા અહલ્યાબાઈ હોલકરને મારા પ્રણામ છે. જેમણે અનેક મંદિરોના જીર્ણોદ્ધાર કરાવ્યા. પ્રાચીન અને આધુનિકતાનું સંગમ તેમણે કરાવ્યું. પર્યટન સાથે જયારે આધુનિકતા સાથે જોડાય તો કેવા ચેન્જિસ આવે છે તે ગુજરાતે જોયુ છે. સ્થાનિક બાબતોને વધુ મજબૂત કરવામાં આવે.

તેમણે કહ્યું કે, સોમનાથ સદીઓથી શિવની ભૂમિ રહી છે. જે કલ્યાણને જે સિદ્ધિને પ્રદાન કરે છે તે શિવ છે. શિવ વિનાશમાં પણ વિકાસનું બીજ અંકુરિત કરે છે. સંહારમાં સર્જનને જન્મ આપે છે. તેથી શિવ અવિનાશી છે. તે અવ્યક્ત છે. શિવ અનાદી છે. તેથી શિવને અનાદી યોગી કહેવાય છે. સોમનાથનું આ મંદિર આપણા આત્મવિશ્વાસનું પ્રેરણાસ્થળ છે. દુનિયામાં કોઈ આ ભવ્ય સંરચનાને જુઓ તો તેને માત્ર મંદિર નથી દેખાતુ, પણ તેને એવુ અસ્તિત્વ દેખાય છે જે હજારો વર્ષોથી પ્રેરણા આપે છે. આ એવુ સ્થળ છે, જેને હજારો વર્ષો પહેલા આપણા ઋષિઓએ પ્રકાશનું ક્ષેત્ર બતાવ્યું છે. જે આજે વિશ્વ સામે આહવાન કરે છે કે સત્યને અસત્ય સામે હરાવી શકાતુ નથી. આ મંદિરને સેંકડો વર્ષોના ઈતિહાસમાં અનેકવાર તોડાયું છે. મૂર્તિઓને ખંડિત કરાયું. તેનુ અસ્તિત્વ મટાવવાનો પ્રયાસ કરાયો. પરંતુ તેને જેટલીવાર પાડવામાં આવ્યું, તે એટલીવાર ઉભુ થયું. તેથી તે આજે માત્ર ભારત જ નહિ, પણ સમગ્ર વિશ્વનું વિશ્વાસ છે.

પીએમ મોદીએ જણાવ્યું કે, રાજેન્દ્ર પ્રસાદ સોમનાથ આવ્યા હતા ત્યારે તેમણે કહ્યું હતું કે, સદીઓ પહેલા ભારત સોના-ચાંદીનો ભંડાર હતું. દુનિયાભરના સોનાનો હિસ્સો ભારતના મંદિરમાં હતા. પ્રથમ રાષ્ટ્રપતિનું આ સપનુ આપણા માટે મોટી પ્રેરણા છે. સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો પ્રયાસ... આપણે ત્યાં જે જ્યોતિર્લિંગની સ્થાપના કરાઈ છે, તેની શરૂઆત સોમનાથથી થાય છે. ૧૨ જ્યોર્તિલિંગ સમગ્ર ભારતને જોડવાનુ કામ કરે છે. તેવી જ રીતે ચારેય ધામ, શક્તિપીઠ, તીર્થધામ આપણી આસ્થા એક ભારત શ્રેષ્ઠ ભારત બતાવે છે. દુનિયા સદીઓથી આશ્ચર્યચકિત થતુ આવ્યુ છે કે વિવિધતાઓથી ભરેલુ ભારત એક કેવી રીતે છે.

આપણે એકબીજાની ભાષા નથી સમજતા, પણ આદતોથી બધા એક છે. આ બાબતે સદીઓથી ભારતને એકતાના સૂત્રને બાંધવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આપણુ દાયિત્વ છે કે તેને સતત મજબૂત કરતા રહેવુ. દર્શન, સંસ્કૃતિ અને આધ્યાત્મ તરફ સૌ આકર્ષિત થઈ રહ્યા છે. નવી પેઢીમાં પણ આ મામલે જાગૃતતા આવી છે. તેથી જ આધ્યાત્મિક ટુરિઝમમાં અનેક શક્યતાઓ છે. તેથી જ પ્રાચીન ગૌરવને પુનજીવિત કરવામાં આવી રહ્યા છે. રામાયણ સર્કિટનું ઉદાહરણ આપણી સામે છે.

આપણા પૂર્વજોને દીઘર્દ્રષ્ટિ એટલી હતી કે, તેમણે દૂરના વિસ્તારોને પણ આસ્થા સાથે જોડવાનો પ્રયાસ કર્યો. જયારે આપણી પાસે આધુનિક સુવિધાઓ આવે તો આપણે તેને દુર્ગમ સમજીને છોડી દીધા. આપણા પર્વતીયા વિસ્તારો તેનુ મોટુ ઉદાહરણ છે. પરંતુ હવે આપણે તેને પણ આવરી લીધા છે. શહેરોને જોડવા માટે કનેક્ટિવિટી પર પણ કામ કરાઈ રહ્યુ છે. જેથી પર્યટક એક સ્થળેથી બીજા સ્થળે જઈ શકે. આ તમામ પ્રોજેક્ટ ટુરિઝમ ઈન્ડસ્ટ્રીને આગામી સમયમાં નવી ઉર્જા આપશે. ભારત ૨૦૧૩ માં ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ઈન્ડેક્સમાં ૬૩ માં સ્થાન પર હતું, તે ૨૦૧૯ માં ૩૪ માં સ્થાન પર આવી ગયુ છે. ટુરિઝમ સેન્ટરમાં હોસ્પિટાલિટી સેક્ટર સાથે જોડવાથી અનેક ફાયદા થશે. લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું કે, સૌભાગ્ય છે કે સોમનાથ ટ્રસ્ટમાં પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સામેલ છે. તેમણે સોમનાથના વિકાસમાં નવી ગતિ આપી છે. આ વિકાસકાર્યોથી સોમનાથનું પ્રાચીન વૈભવ પરત મળ્યું છે. પ્રભાસ તીર્થને સુંદર બનાવવામાં પીએમ મોદીનો ભગીરથ પ્રયાસ રહ્યો છે. પ્રાચીન તીર્થની ગરિમા આજે આકાશ આંબી રહી છે.

**પંચમહાલ આવૃત્તિ**
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

**પંચમહાલ સમાચાર**

### પંચમહાલ જીલ્લા પંચાયત દ્વારા

# રાજ્ય પંચાયત વિભાગના આદેશ મુજબ ઈન્સ્પેકશન સેલ રચના કરવા જીલ્લા પંચાયત પ્રમુખને રજુઆત કરાઈ

ગોધરા,

ગુજરાત રાજયના તમામ જલ્લા પંચાયતો તેમજ તાલુકા પંચાયતોની કચેરીનું નિરીક્ષણ કરવા માટે રાજય સરકારે ઈન્સ્પેકશન સેલની રચના કરવામાં આવી છે. તે મુજબ પંચમહાલ જીલ્લા અને તાલુકા પંચાયત કચેરીઓના વહીવટ સુધારવા ઈન્સ્પેકશન સેલની રચના કરવા બાબતે ગુજરાત પ્રદેશ ભાજપના કારોબારી સભ્ય ગોપાલભાઇ પટેલ દ્વારા પંચમહાલ જીલ્લા પંચાયત પ્રમુખને લેખિત રજુઆત કરાઈ છે.

ગુજરાત રાજય પંચાયત વિભાગ દ્વારા આદેશ બહાર પાડીને જીલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતો ઉપરાંત ગ્રામ વિકાસ હસ્તકની કચેરીઓનું નિરીક્ષણ કરવા ઈન્સ્પેકશન સેલની રચના કરવા સુચન કરવામાં આવ્યું છે. તે મુજબ રાજ્યની અનેક જીલ્લા પંચાયતો દ્વારા ઈન્સ્પેકશન સેલની રચના કરવામાં આવી છે. ઈન્સ્પેકશન સેલના અધિકારીઓ દ્વારા સપ્તાહના ચાર દિવસ ક્ષેત્રીય કચેરીઓમાં વ્યવહારીક રીતે કાર્ય પદ્ધતિનું પાલન, કર્મચારીઓની સુવિધા અને અનિયમિતતા, લોકભોગ્ય યોજના અમલીકરણ સહિતના મુદ્દાઓનું નિરીક્ષણ કરવાનું થતું હોય છે. રાજય પંચાયત વિભાગના આદેશ બાદ પણ પંચમહાલ જીલ્લા પંચાયત દ્વારા ઈન્સ્પેકશન સેલની રચના કરવામાં આવી નથી. ત્યાં પંચમહાલ જીલ્લામાં વિવિધ કચેરીઓમાં યોજનાકીય કામગીરીના રેકર્ડ અદ્યતન નથી. તેમાં પણ ગ્રામ પંચાયત કક્ષાએ તલાટી કમ મંત્રીઓને હેડકવાર્ટર ફાળવેલ હોવા છતાં કોઈ તલાટી ત્યાં રહેતા નથી. ગ્રામ પંચાયતોમાં ભારત નેટ અને ઈન્ટરનેટની કનેકટીવીટી પણ નથી. ગ્રામ પંચાયતમાં સરકારની વિવિધ ૨૨ પ્રકારની સેવાઓનો લાભ પણ મળતો નથી. જેને લઈ સરકારની ખોટી છાપ ઉભી થાય છે. તલાટીઓ સેજા ઉપર હાજર રહેતા ન હોવાથી સરકારી લેણાની વસુલાતનો આંકડો વધતો જાય છે. ત્યારે તલાટીઓ હેડ કર્વાટર ઉપર રહે તેવી કાર્યવાહી કરવી જરૂરી છે. સરકારી વિવિધ યોજનાકીય કામો હેઠળ થયેલ વિકાસના કામોનો દફતર પણ રેકર્ડ નથી. વિકાસ કામોની નોંધી પણ મિલ્કત રજીસ્ટર પર નથી. આ તમામ બાબતો પંચમહાલ જીલ્લામાં દુર કરવી જરૂરી છે. ત્યારે પંચમહાલ જીલ્લા પંચાયત દ્વારા ઈન્સ્પેકશન સેલની રચના કરવામાં આવે તેવી માંગ સાથે પંચમહાલ ભાજપના અને ગુજરાત ભાજપ કારોબારી સભ્ય ગોપાલભાઈ પટેલ દ્વારા જીલ્લા પંચાયત પ્રમુખને લેખિત રજુઆત કરવામાં આવી છે.

## શહેરામાં પોલીસે જુગાર રમતા નગરપાલિકાના પૂર્વ પ્રમુખના પુત્ર સાથે ૬ ઝડપાયા

શહેરા,

શહેરા નગરમાં રમાતા જુગાર પર પોલીસે રેડ પાડીને નગર પાલિકાના પૂર્વ પ્રમુખના પુત્ર સહિત સાત જેટલા જુગારીયાઓને પકડી પાડયા હતા. પોલીસે પકડાઈ પાડેલ સાત જેટલા જુગારી પાસેથી રોકડ રકમ ૪૫૩૦ના મુદ્દામાલ સાથે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. આ જુગારમાં મહત્વનું એ છે કે મોટા ઘરના નબીરા હોવા



તસ્વીર : તુષાર દરજી, શહેરા

હતી. જોકે, આ જુગારની રેડ દરમિયાન નગર પાલિકાના પૂર્વ પ્રમુખનો પુત્ર પકડાતા પોલીસ પણ બે ઘડી અંચબામાં પડી ગઈ હતી. પોલીસે થોડાજ કલાકોમાં કાર્યવાહી કરીને તમામ જુગારીયાઓને છોડી મુક્યા હતા. પોલીસે ફરિયાદમાં જુગાર સ્થળ કોલીવાડ લખ્યું છે પણ જ્યારે જુગારીયાઓ માલીવાડ માં જુગાર રમતા પકડાયા હોય ત્યારે પોલીસની કામગીરી સામે પણ

શહેરા નગરમાં મોટા નબીરાઓ છૂપી રીતે લાખો રૂપિયાનો જુગાર રમતા હોવાની ચર્ચા ઓટલા બેઠક મા થઈ રહી હોય ત્યારે પોલીસ મોટા બિલાડાઓ ને પકડી પાડવામાં શુભ મુહૂર્ત જોઈ રહયું હોય તેમ લાગી રહયું છે. જ્યારે ગુરૂવારની રાત્રિના દસ થી અગિયાર વાગ્યાની વચ્ચે પોલીસ એ જુગાર પર રેડ કરીને જુગાર રમતા સાત જેટલાને પકડ્યા હતા. જુગારીયાઓ માંથી એક જુગારી પાલિકાના પૂર્વ પ્રમુખનો પુત્ર હોય ત્યારે પોલીસને રૂપિયા ૪૫૩૦નો મુદ્દામાલ મળી આવે તે પણ એક વિચારવા જેવો સવાલ લોકોમાં બની રહયો છે.

શહેરા નગરમાં સ્થાનિક પોલીસે બાતમીના આધારે કોલીવાડ વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા જુગારીઓને પકડી પાડયા હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હોય જ્યારે જાણવા મળ્યા મુજબ જુગાર રમતા ગુંજન અલ્પેશ શાહ સહિતના જુગારીયાઓ કોઈ ઘરમાં જુગાર રમતા હતા. સાથે અન્ય જુગારી પોલીસની રેડ દરમિયાન ભાગી ગયા હોવાની પણ શક્યતા છે.

શહેરામાં પોલીસે શ્રાવણિયો જુગાર રમતા, ૧. ગુંજન અલ્પેશભાઈ શાહ, માજી નગર પાલિકા પ્રમુખનો પુત્ર, ૨. એઝાઝ બંગલાવાલા, ૩. શૈલેષ વાળંદ, ૪. દિપક વાળંદ, ૫. કનું વાળંદ, ૬. ત્રપ્રાગ સોની, ૭. શિવમ વાળંદ સહિતના જુગાર રમતા પકડયા હતા. આ સાત જુગારીમાંથી એક ગુંજન શાહ નગર પાલિકાના પૂર્વ પ્રમુખ સ્નેહાબેન શાહનો પુત્ર થાય છે.

પોલીસે જુગાર પર રેડ પાડીને સાત જુગારીને પકડી પાડયા હતા. જ્યારે સાત કરતા વધુ લોકો જુગાર રમતા હોવાની ચર્ચા સાથે જુગારીઓ પાસે મોબાઈલ પણ હતા કે શું.

પોલીસે જુગાર રમતા નગરપાલિકાના માજી પ્રમુખના દીકરા સહિત સાત ને પકડી પાડયા હતા. ત્યારે પત્રકારો પણ કવરેજ કરવા માટે પોલીસ મથકે ગયા હતા. પોલીસે પત્રકારોને પણ ફોટા વિડિયો કરે નહી તે માટે ગોળ ગોળ ફેરવ્યા હતા. જેને લઈને પત્રકારો પોલીસથી નારાજ થયા હતા.

છતાં જુગાર રમતા જુગારીઓ પાસેથી મોબાઈલ કે વાહન મળી આવ્યુ નથી.

શ્રાવણિયા જુગારની રમઝટ પંચમહાલ જિલ્લામાં જામી છે. ત્યારે શહેરા પોલીસ મથકના પી.એસ.આઈ. ડી.એમ.મછારને ખાનગી રાહે બાતમી મળેલ કે, કોલીવાડ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે ખુલ્લામાં જુગાર રમે છે. જેને લઈને પોલીસ મથકના અ.હે.કો પ્રકાશ અરવિંદસિંહ, અ.પો.કો.મનહર દલસુખ, જયંતીભાઈ તેમજ પ્રવિણસિંહ સાયબા સહિતનો સ્ટાફ બાતમીના આધારે તે સ્થળે પહોંચી જઈને ચારે તરફથી કોર્ડન કરી રેડ કરતા જુગાર રમતા જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા. પોલીસની રેડ દરમિયાન નગર પાલિકાના માજી પ્રમુખ સ્નેહાબેનનો પુત્ર ગુંજન અલ્પેશ શાહ જુગાર રમતા પકડાયો હતો. તે સહિત કુલ સાત જુગારી રંગેહાથ જુગાર રમતા પકડાયા હતા. પોલીસે તમામ પકડી પાડેલ જુગારીયાઓને પોલીસ મથક ખાતે લાવીને જુગાર ધારા કલમ હેઠળ કાર્યવાહી શરૂ કરી અનેક શંકા ઊભી થાય તો નવાઈ નહી. જે રીતે પોલીસે સામાન્ય જુગાર દેખાડયો હોવા સાથે જુગારીઓ પાસે મોબાઈલ અને વાહન પણ નહીં હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરતા આવી કાર્યવાહીના પગલે નગર વિસ્તારમાં ભારે ચર્ચાનો દોર શરૂ થયો છે.

## કાલોલ તાલુકાના સગનપુરા ગામે થી ૨.૭૧ લાખના દારૂનો જથ્થો વેજલપુર પોલીસે ઝડપ્યો

કાલોલ,

કાલોલ તાલુકાના વેજલપુર પોલીસને બાતમી મળી હતી કે, સગનપુરા ગામે રહેતા ઈસમો એ ગોલ્લાવ ગામેથી ઈકો ગાડીમાં દારૂનો જથ્થો મંગાવેલ છે અને નદી કિનારે આવેલ ખેતરમાં ઓરડીમાં રાખી સગેવગે કરવાની પેરવી છે. તેવી બાતમીના આધારે વેજલપુર પોલીસે રેઈડ કરી ઈંગ્લીશ દારૂ કિંમત ૨,૭૧,૦૦૦/- રૂપીયા સહિત ૭,૪૧,૦૮૦/- રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના સગનપુરા ગામે રહેતા ધર્મેન્દ્ર ઉર્ફે ધમો કિરણસિંહ પરમાર અને રાકેશ પ્રભાતભાઈ રાઠોડ બે ભેગા મળીને ગોલ્લાવ ગામે રહો રાજેશ કાંતીભાઈ પટેલ પાસેથી ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવેલ છે. ઈકો ગાડીમાં દારૂનો જથ્થો લાવીને ધમેન્દ્ર પરમાર એ નદી કિનારે આવેલ ખેતરની ઓરડીમાં સંતાડી રાખેલ છે અને દારૂ સગેવગે કરવાની પેરવીમાં છે. તેવી બાતમી વેજલપુર પોલીસને મળી હતી. પોલીસે સગનપુરા ગામે બાતમીવાળા સ્થળે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ઈકો ગાડી માંથી રોયલ સીલેકટ વ્હીસ્કી કવાટરીયાની પેટી નંગ-૧૮ તથા માઉન્ટન ૬૦૦૦ સુપર બીયર પેટી નંગ-૧, ટેમ્પો માંથી રોયલ સીલેકટ વ્હીસ્કી કવાટરીયા નંગ-૧૧, મકાનની બાજુમાં આવેલ સિમેન્ટની પાણીની ટાંકી નીચે બનાવેલ ભોયરા માંથી રોયલ સીલેકટ વ્હીસ્કી કવાટરીયા પેટીઓ નંગ-૧૪ મળીને કુલ ૪૬ પેટી કવાટરીયા, બીયર પેટી નંગ-૧ મળી કિંમત ૨,૭૧,૦૮૦/-રૂપીયાનો દારૂનો જથ્થો ઈકો ગાડી, શકિત ટાટા ટેમ્પો, બાઈક મળી કુલ ૭,૪૧,૦૮૦/-ના મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. પોલીસની રેઈડ દરમિયાન આરોપીઓ નાશી છુટીયા હતા. આ બાબતે વેજલપુર પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરાના ગઢ ચંચેલાવ ગામે જુગાર રમતા ૪ જુગારીયાને પોલીસે ઝડપ્યા

ગોધરા,

ગોધરા તાલુકાના ગઢ ચંચેલાવ હાઈવે રોડ ઉપર અંજલી હોટલ પાછળ કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૪ જુગારીયાને ૪૨ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના ગઢ ચંચેલાવ ગામે હાઈવે રોડ ઉપર અંજલી હોટલ પાછળ કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે ગોધરા તાલુકા પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન જગદીશ કિશનચંદ લાલવાણી, સાગર શ્રીચંદ જૈન, અનીલભાઈ રણજીત પટેલ, રામજીભાઈ સોમાભાઈ બારીયાને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે ૧૩,૮૦૦/-રૂપીયા રોકડા, મોબાઈલ ફોન નંગ-૨ કિંમત ૯,૦૦૦/-રૂપીયા, મોટર સાયકલ ૨ મળી કુલ કિંમત ૪૨,૮૦૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## પરિવારમાં ઝગડો થતા બેભાન મહિલા ને સારવાર અપાવતી ગોધરા અભયમ ટીમ



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

પારિવારિક ઝગડામાં મદદ માટે અભયમ ૧૮૧મહિલા હેલ્પલાઈનમાં કોલ કરતા અભયમ રેસ્ક્યુ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી કાઉન્સેલિંગ દરમિયાન ઉગ્ર બોલાચાલી થતા મહિલાનું બી.પી. વધી જતા બેભાન થઈ ગયેલ જેથી અભયમ ટીમે સમય સુચકતા થી ૧૦૮ એમ્બ્યુલન્સ ને બોલાવી તાત્કાલિક પ્રાથમિક સારવાર અપાવી ગોધરા હોસ્પિટલ ખસેડતા તાત્કાલિક સારવાર મળી જતા મહિલાને જીવનદાન મળ્યું હતું. પરિવારે અભયમની સુચકતાને બિરદાવી હતી.

મળતી માહિતી મુજબ પરિવારની સહિયારી જમીનને લઈ કાકા ભત્રીજા વચ્ચે ઝગડો થતા કાકા અને તેમના દીકરાએ ભત્રીજા અને ભત્રીજા વહુને માર મારતા તેમની દીકરી એ મદદ માટે ૧૮૧મહિલા હેલ્પલાઈનમાં કોલ કરી મદદ માગતા અભયમ રેસ્ક્યુ ટીમ ગોધરા સ્થળ પર પહોંચી ઝગડામાં સમાધાન કરાવવા પ્રયત્નશીલ હતા. ત્યારે ભત્રીજા વહુ નીરૂબેનનું બી.પી. વધી જતા ચક્કર ખાઈ નીચે પડી બેભાન થયેલ જેથી કોઈ અજુગતી ઘટના બંને તે પહેલા અભયમ કાઉન્સેલર હીનાબેન મકવાણા એ ૧૦૮ માં કોલ કરી એમ્બુલન્સની મદદ મેળવી તાત્કાલિક સારવાર અપાવી હોસ્પિટલમાં દાખલ કરાવતા નીરૂબેન ને નવજીવન મળ્યું હતું.

## ઘોઘંબાના રીંછવાણી ગામે કોંગ્રેસ દ્વારા કોરોનામાં મૃત્યુ પામેલા પરિવારોની મુલાકાત લીધી


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોંઘબા,

પંચમહાલ જિલ્લા કોંગ્રેસ દ્વારા ઘોઘંબા તાલુકાના રીછવાણી મુકામે યુવાઓને મતાધિકાર પંચાયત રાજ બહેનોને સત્તામાં ભાગીદાર દૂરસંચાર મોબાઈલ કમ્પ્યુટર ટેકનોલોજી ક્ષેત્રે મહત્વપૂર્ણ પ્રદાન કરનાર ભારત રત્ન પૂર્વ વડાપ્રધાન સ્વ રાજીવ ગાંધીની ૭૭મા જન્મ જયંતીના ઉપલક્ષમાં પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના રીછવાણી મુકામે યોજાયેલ કાર્યક્રમમમાં સ્વ.રાજીવ જીની તસવીર પર પુષ્પાંજલિ અર્પી તેઓની દેશ સેવાને યાદ કરવામાં આવેલ આ કાર્યક્રમ દરમિયાન ગ્રામ્ય વિસ્તારમાં કોવિડ-૧૯માં કોરોનાના કારણે મૃત્યુ પામેલ પરિવારજનોની રૂબરૂ મુલાકાત લઈ શ્રદ્ધા સુમન વ્યક્ત કરી પરિવારને સરકારી સહાયમાં મદદરૂપ થવા અને સહયોગ આપવા ઉપયોગી કાર્યવાહી પણ થયેલ કોવિડ-૧૯ ન્યાય યાત્રા ઘોઘંબા તાલુકાના વાવ કુલ્લી જીલ્લા પંચાયત વિસ્તારમાં ફરી જરૂરી માહિતી પણ એકત્રિત કરેલ આ કાર્યક્રમમાં પંચમહાલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભાટી, પ્રદેશ પ્રતિનિધિ રફીક તિજોરીવાલા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ ચેતનસિંહ પરમાર, જિલ્લા લઘુમતી પ્રમુખ ઉસ્માનભાઈ બેલી, સેવાદળ અગ્રણી ભવાનસિંહ પટેલ, પંચમહાલ જિલ્લા આદિવાસી કોંગ્રેસ ચેરમેન, કોંગ્રેસ આગેવાન ઈમ્તિયાઝભાઈ સુજેલા, તેજેન્દ્રસિંહ કિરપાલસિંહ, ગમજીભાઈ, બળવંતભાઈ, તેરસિંહભાઈ, મહેશભાઈ, ચીમનભાઈ આગેવાનો હોદ્દેદારો કાર્યકરો સરપંચો વગેરે જોડાયા હતા.

## પંચમહાલ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે પોરવાલ મોલમાં ચેકીંગ

ગોધરા,

પંચમહાલ જીલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા શહેરના ગોન્દ્રા વિસ્તારમાં આવેલ પોરવાલ મોલમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકીંગ દરમ્યાન મોલ માંથી મળી આવેલ અખાદ્ય પદાર્થોને નાશ કરવામાં



આવ્યા. ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની કાર્યવાહી થી વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. પંચમહાલ જીલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા તહેવારોને અનુલક્ષીને ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. શહેરના ગોન્દ્રા વિસ્તારમાં આવેલ પોરવાલ મોલમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન મોલ માંથી મળી આવેલ અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવ્યો હતો. ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે કાર્યવાહી કરી પોરવાલ મોલ માંથી અખાદ્ય પદાર્થ નષ્ટ કરતાં અન્ય અખાદ્ય ચીજ વસ્તુઓનું વેચાણ કરતાં વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## પંચમહાલ જીલ્લામાં મોહરમ પર્વની શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી કરાઈ




તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા


તસ્વીર : તુષાર દરજી, શહેરા

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં મોહરમ પર્વની મુસ્લિમ બિરાદરો દ્વારા શાંતિ પૂર્ણ માહોલમાં ઉજવણી કરાઈ હતી. પર્વને લઈને નગરના વિવિધ વિસ્તારોમાં કોઈ અનિચ્છનીય ઘટના નહી બને તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

ઈસ્લામ ધર્મના મહાન પયગંબર હઝરત મોહંમદ મુસ્તુફા (સ.અ.વ)ના દોહીત્ર હઝરત ઈમામ હસન તથા હઝરત ઈમામ હુસેન તેમજ તેમના ૭૨ સાથીઓએ કરબલા મેદાન ધર્મ ખાતર વહોરેલ શહાદતની યાદમાં જીલ્લામાં મહોરમના પર્વની મુસ્લિમ બિરાદરો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. નગરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ૧૦ ઉપરાંત નાના-મોટા કલાત્મક તાજિયા બનાવવામાં આવ્યા હતા. ગુરૂવારના રોજ તમામ તાજીયાઓને હૂસેનીચોકમાં લાવવામાં આવ્યા હતા. હિન્દુ-મુસ્લિમ સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં તાજીયાઓનું સ્થાપના કરવામાં આવ્યા હતા. ઢોલ ત્રાંસાના સાથે યા હુસેન.....યા હુસેનના નારાથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠયું હતું. શુકવારના રોજ મુસ્લિમ બિરાદરો દ્વારા નમાઝ પઢી હૂસેનીચોક ખાતે મુસ્લમી બિરાદરો એકત્રિત થયા હતા. ઢોલ ત્રાંસાના સાથે યા હુસેનના ગગનભેદી નારાથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું.આ વખતે કોરોનાની ત્રીજી લહેર આવવાની શક્યતાના પગલે જુલુસ કાઢવામાં નહી આવવા સાથે વિવિધ કમિટીઓના વ્યાયામવીરો દ્વારા વિવિધ કરતબો રજૂ કરાયા ન હતા. નગરના મુખ્ય તળાવમાં મુસ્લિમ બિરાદરો દ્વારા એક બાદ એક તાજીયાઓને ઠંડા પાડવામાં આવ્યા હતા. કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે પોલીસ બંદોબસ્ત વિવિધ નગર વિસ્તારમાં ગોઠવાયો હતો. જીલ્લામાં મોહરમની શાંતિપૂર્ણ રીતે મુસ્લિમ બિરાદરો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.